**અમદાવાદ (ગ્રામ્ય) ના આઠમાં એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં, અમદાવાદ**

ક્રિમિનલ કેસ નં. ૧૫૫૭૯/૨૦૧૯
આંક:-.........................

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : અભિલાષ બ્રજકિશોર ત્રિપાઠી

**ગુનો : બોમ્બે પ્રોહી. એકટની કલમ ૬૬(૧)(બી)............મુજબ**

(૧) સદરહું કામના આરોપી વિરૂધ્ધ **બોમ્બે પ્રોહી. એકટની કલમ૬૬(૧)(બી)..................** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાન કામે આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા તેમને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપી બાદમાં આંક:- થી પ્લી લેતા આરોપીએ ગુનાનો સ્વીકાર કરેલ છે.

(૨) આરોપીએ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઈએ તો તે આપવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપીએ સદર ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ હોવાનું જણાવેલ છે તો વધુમાં આરોપીએ તેમની લેખિત ગુન્હા કબુલાતની પુરસસીમાં તથા મારી સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જોગવાઈ અંગે આરોપીને માહિતગાર કેલ હોવા છતાં કબુલાત કરવા ઈચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે અને ગુના અંગે પછતાવો વ્યકત કરેલ છે.

આમ, આરોપીની મારી સમક્ષની રજૂઆત સ્વેચ્છા પુર્વકની કબુલાત જણાતી હોય કેસના સંજોગો ઘ્યાનેમાં લઈ આરોપીને સદર ગુન્હામાં તકશીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**-:: હુકમ::-**

સદર કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૨ અન્વયે **બોમ્બે પ્રોહી. એકટની કલમ ૬૬(૧)(બી)...............** ના ગુના માટે તકશીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીને **બોમ્બે પ્રોહી. એકટની કલમ ૬૬(૧)બી............ મુજબ ગુન્હા માટે આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા આરોપીને રૂા.૫૦૦/-** પુરા (અંકે રૂપિયા પાંચસો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીએ **કુલ રૂા. ૫૦૦/-(અંકે રૂપિયા પાંચસો પુરા)** દંડ ભરવો. અને જો દંડ ન ભરે તો **દિન-ત્રણ** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૧૪ મી માહે ડિસેમ્બર ૨૦૧૯ ના રોજ જાહેર કર્યો.

તારીખ:૧૪/૧૨/૨૦૧૯
અમદાવાદ (ગ્રામ્ય)

(પૃથુ શર્મા)
આઠમાં એડી.સીવીલ જજ
અને જયુ.મેજી.ફ.ક.,
અમદાવાદ (ગ્રામ્ય) મિરઝાપુર